જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧/૨/૨૦૧૫ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૨૪૫ લીટર દેશી દારૂ અને ૦૫ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૨૧૮/૧૫**

**ક્રાઇમબ્રાન્ચ : (૧)** અનિલકુમાર રાધેશ્યામ ભારતી (ઉ.વ.૨૨)(રહે. ગામ-ઉમરી આહરા, પોસ્ટ મુંડેરવા, તા.જિ. બસ્તી, ઉત્તર પ્રદેશ) એ તા.૩૧/૧/૧૫ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૨/૧૪ થી આજદિન સુધી આરોપી (૧) સચિન ઉર્ફે ઘનશ્યામ ઠાકુર (૨) અબ્દુલકૈયુમ કુરેશી (૩) ચિરાગ ભટ્ટ નાઓએ ભેગામળી Quikr નામની વેબસાઈટ ઉપર યુરોપના કોસોવો દેશમાં નોકરી અપાવવાની જાહેરાત આપી, અનિલકુમારને વિશ્વાસમાં લઇ કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી અપાવવાના બહાને તેમનો પાસપોર્ટ તથા રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- મેળવી લઇ, mfa-ks.org મુજબની વેબ સાઈટ બનાવટી હોવા છતા તે વેબસાઈટ કોસોવો દેશની વેબસાઈટ હોવાનુ જણાવી અનિલકુમારને બનાવટી વર્ક પરમીટ વિઝા, બનાવટી હોટલ નાર્ટેલનો જોબ એગ્રીમેન્ટ તથા બનાવટી ફ્લાઈટની ટીકીટ આપી, અનિલકુમારને જોબ અગ્રીમેન્ટ મુજબ કોઈ નોકરી નહી આપી, અનિલકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.ટંડેલ, ક્રાઈમ બ્રાન્ચ નાઓ ચલાવે છે.

**(૨)** કૃણાલ દેવેન્દ્રભાઇ ડોલીયા (ઉ.વ. ૨૮)(રહે.મુક્તિધામ સોસાયટી, સરદાર પટેલ સ્ટેડીયમ સામે, મોટેરા રોડ, સાબરમતી રોડ) એ તા.૩૧/૧/૧૫ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૯/૧૪ થી આજદિન સુધી આરોપી (૧) સ્ટેટ બેંકના એકાઉન્ટ નં.૩૩૯૮૮૯૧૨૬૭૮ નો ધારક અભિષેકકુમાર (૨) એસબીઆઇ બેંકના ખાતા નં.૧૧૪૧૦૯૪૯૦૭૫ નો ધારક પદમેશકુમાર (૩)આઇસીઆઇસીઆઇ બેંકના ખાતા નં.૦૭૧૯૦૧૫૨૫૯૯૧ નો ધારક અશ્વીનકુમાર શર્મા (૪) યુનિયન

બેંકના ખાતા નં.૫૯૧૩૦૨૦૧૦૦૦૬૭૮૯ નો ધારક નિરજ પાલ (૫) એચડીએફસી બેંકના ખાતા નં.૫૦૧૦૦૦૬૫૧૪૩૧૬૮ નો ધારક સુધાંશુ શર્મા (૬) મો.નં.૭૦૬૫૧૪૬૦૪૮ તથા મો.નં.૯૬૪૩૫૯૬૯૦૧ તથા મો.નં.૭૦૫૬૨૦૪૩૪૧ તથા મો.નં. ૯૭૧૬૩૭૦૮૮૬ ના ધારકે કૃણાલભાઇનો બાયોડેટા મેળવી, તેમને એચ.ડી.એફ.સી.બેંકમાં ઓપરેશનલ મેનેજર તરીકે નોકરી લાગેલ છે તેમ જણાવી મોબાઇલ ફોન તથા ઇન્ટરનેટ માધ્યમનો ઉપયોગ કરી નોકરી બાબતના ઇ-મેઇલ કરી, કૃણાલભાઇને વિશ્વાસમાં લઇ બેંકના ખાતાઓમાં કુલ રૂપીયા ૨,૮૧,૪૦૦/- જમા કરાવડાવી મેળવી લઇ, કૃણાલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.ગેડમ, ક્રાઈમ બ્રાન્ચ નાઓ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૯/૧૫**

**નરોડા :** રવિભાઇ અનારસિંગ યાદવ (રહે.સારથી રૉ હાઉસ, માનસી ફ્લેટની બાજુમાં, પાર્શ્વનાથ ટાઉનશીપ, નવા નરોડા) એ તા.૩૧/૧/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧/૧૫ નાં કલાક ૧૨/૦૦ થી તા.૩૧/૧/૧૫ સવારનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લાકડાનાં કબાટનું લોક તોડી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**રામોલ :** મહેન્દ્રભાઇ બચુભાઇ વાઘેલા (રહે.નિલકંઠ સોસાયટી, રામોલ રોડ, વેરા પાસે, સી.ટી.એમ.) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧/૧૫ રાતનાં ૮/૦૦ થી તા.૩૧/૧/૧૫ સવારનાં ૬/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના તેમજ સાહેદનાં ઘરનો મુખ્ય દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૭૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.આઇ.સોલંકી ચલાવે છે.

**નારણપુરા :** સુબોધકુમાર ભુરેલાલ જૈન (રહે. શુભલક્ષ્મી ટાવર, સંઘવી સ્કુલ સામે, નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૧/૧૫ સાંજનાં ૪/૦૦ થી ૪/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૧૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ભીલ ચલાવે છે.

**બાપુનગર :** કિશનભાઈ રામચંદ્રભાઈ ભારવાની (રહે. આશારામ સોસાયટી, રતનબા સ્કુલની પાસે, ઠક્કરનગર નરોડા) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧/૧૫ રાતનાં ૧૦/૦૦ થી તા.૩૧/૧/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ભીડભંજન રોડ ઉપર મારુતિ કોમ્પ્લેક્ષમાં મિનિષ સિલેકશ નામની દુકાનનું શટર ઉંચુ કરી છ(૬) અજાણી સ્ત્રીઓ ભેગી મળી દુકાનમાં પ્રવેશ કરી, ટેબલના ડ્રોઅર માંથી રોકડ રૂપીયા ૧,૦૦,૦૦૦/- તથા બાજુમાં આવેલ શ્રીરામ વસ્ત્ર ભંડાર નામની દુકાનમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- અને જય અંબે ગીફટ એન્ડ ટોયસ નામની દુકાનમાથી આશરે ૧૫ નંગ કાંડા ઘડીયાળ કિંમત રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપીયા ૧,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.ડી.પરમાર ચલાવે છે.

**વટવા :** નારાયણભાઇ ડાહ્યાભાઇ કાનાબાર (ઠક્કર)(રહે.પરેશપાર્ક, ગેબનશા પીર, પાર્શ્વેશ્વર મહાદેવની બાજુમાં, ઇસનપુર રોડ, વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧/૧૫ સાંજનાં ૭/૦૦ થી તા.૩૧/૧/૧૫ સવારનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની લોખંડની જાળી તથા મુખ્ય દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૮૯,૫૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગઈ છે.આ ગુનાની તપાસ પોસઇશ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

<u>**ચોરી :-**</u> <u>**સમાચાર યાદી નં.૨૨૦/૧૫**</u>

**ગુજરાત યુનિવર્સીટી :** પ્રશાંતભાઇ જગદીશભાઇ દરજી (રહે.ગુ.હા.બોર્ડ, સર્વોદયનગર સેક્ટર-૩૦ ગાંધીનગર) એ તા.૩૧/૧/૧૫ નારોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧/૧૫ સાંજનાં ૬/૦૦ થી રાતનાં ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન આઇ.આઇ.એમ. પાસે પાર્ક કરેલ પોતાની કારનો દરવાજો કોઇ અજાણી વ્યક્તિએ ખોલી કારમાંથી લેપટોપ, રોકડ રૂપિયા અને એ.ટી.એમ.કાર્ડ, પાનકાર્ડ મળી કુલ રૂપિયા ૩૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**ચાંદખેડા :** દયાનંદ રામપાલ સિંગ (રહે.શકલ રેસીડન્સી, સાકાર સ્કુલની બાજુમાં, ચાંદખેડા) એ તા.૩૧/૧/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૨/૧૪ નાં કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ચાંદખેડા, ન્યુ સી.જી.રોડ ખાતેની સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયાના લોકર નંબર ૨૮૦ માંથી કોઇ અજાણી વ્યક્તિ સોનાના દાગીના કિંમત રૂપિયા ૩,૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

<u>**વાહનચોરી :-**</u> <u>**સમાચાર યાદી નં.૨૨૧/૧૫**</u>

**ઓઢવ :** રાઘવેન્દ્રસિંહ કુલસિંહ ચૌહાણ (રહે.અક્ષર પુરષોત્તમનગર સોસાયટી, મારૂતીનગરની બાજુમાં, રીંગરોડ પાસે)એ તા.૨૯/૧/૧૫ નાં કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ રીંગ રોડ ઉપર આવેલ નિલકંઠ એવન્યુ દુકાન નંબર ૧૧ આગળ પોતાની આઇશર ટ્રક નંબર જીજે.૧૮.એ.યુ.૯૮૬૭ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૯/૧/૧૫ સવારનાં ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ રાઘવેન્દ્રસિંહ ચૌહાણે તા.૩૧/૧/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

<u>**આત્મહત્યા :**</u> <u>**સમાચાર યાદી નં.૨૨૨/૧૫**</u>

**શહેરકોટડા :** લક્ષ્મીબહેન વંશરાજસિંગ તોમર (ઉ.વ.૨૨)(રહે.બંસીની ચાલી, અશોક મીલ સામે, નરોડા રોડ) એ તા.૩૧/૧/૧૫ સાંજનાં ૫/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે કોઇ અગમ્ય કારણોસર પોતાની સાસરીમાં ઘરે સળગી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમી.શ્રી "ડી" ડીવીઝન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.